કીરતી સંગ્રહ.

યાને

જાણીતા અને માનીતા જાહેર-પુરૂષોની
પરમાર્થી કારકીરદી ઉપર રચેલાં
સંગિતોનો સંગ્રહ.
(તરેહવાર સુંદર રાગ-રાગણીઓમાં.)

ભાગ ૧ લો.

રચનાર,
દા૦ એ૦ તારાપોરવાલા.
"પતિવ્રતા બાયડી" તથા "મોટે ઘેરનાં મેહેરબાઈ"
ઈત્યાદિનો કર્તા અને "ફુરસદ" ચોપાન્યાનો એક
જાણીતો "કૉનટ્રીબ્યુટર."

(દોહરો.)

સૂરતસે કીરત બડી, બીન પંખ ઉડ જાય;
સૂરત તો જાતી રહે, કીરત કભૂ ન જાય.
(તુળસીદાસ.)

અમદાવાદ—"યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ"માં
મી. ઘેલાભાઈ નરસિંહદાસ મેહેતાએ છાપ્યું.
સને ૧૮૮૮
(આવૃત્તી પેહેલી—નકલ ૧૦૦૦)

ખાશખબર.

માહારાં રચેલાં ગાયનોની કેટલીક તરફથી નકલો થવા લાગીછે, અને ઘણાક ચોરટા-લફંગાઓ હરાંમ દાનતથી બીજાની મહેનતપર પોતે લાભ લેવાનો વિચાર રાખે છે. એવી હરાંમ-ટેવ ધરાવનારાઓને આ ટાણે હું ખાશખબર આપુંછું કે આ ચોપડી ૧૮૬૭ નાં ૨૫ માં કાયદા મુજબ સરકારમાં નોંધાવેલી છે એટલું તેઓએ ગપચાવી લેવા. પેહેલાં યાદ રાખી તે ઉપર વારવાર ગંભીર ધ્યાર કરવો. નતો આબરૂનાં કાંકરા—જીવની હાંણી અને કમાવાની આસામાંસામાં ખાવાના બડકપર લાધી જવાશે. "વિક્ટોરિયા નાટક મંડળી" વાળાઓ પોતાના નાટકો પારકે હાથ નહિં જાય અદલ જાહેર કરેછે તેમ એવું ન થાય કે—"નફા કે ઉમ્મેદ પર નાહક નુકસાન ઉઠાયે."

દા. એ. તારાપોરવાલા

અર્પણપત્ર.

શરતાજ મુરબ્બીજી કાકા સાહેબ,

જાંગીરજી દાદાભાઇ તારાપોરવાલા—

મેહેરબાન મુરબ્બી.

માહરી અદના શક્તિ મુજબ બાહેર પડેલાં માહરાં આગલાં બંન્ને પુસ્તકો માહરાં બંન્ને મુરબ્બીજીઓને અર્પણ કીધા પછે, આ ત્રિજું ન્હાનું પણ સમજુઓને મન-થી ખરૂં સંગીન પુસ્તક ખાશ રગતથી—આપને નજર પેશ કરી માહરી તમો મુરબ્બીજી સાહેબ તરફની એક ખરી ફરજ બજા લાવીશું; અને તમો મુરબ્બીજીનો મેહેરબાંની ભર્યો હાંયો અમ માંથે સદા સલાંમત રહે એવી દુવા ચાહતો—

તારાપોર ☞ ૧ લી સપ્ટેમ્બર ૧૮૮૮.	ખતમ કરૂંછું હું તમારો સદા તાબેદાર ગરીબ ભત્રિજો, દાદી.

પ્રસ્તાવના.

Lives of great men all remind us,
We can make our lives sublime;
And, departing, leave behind us
Footprints on the sands of time.

Long fellow.

કીરતીવંત પુરૂષોની કારકીર્દી માટે અમેરીકાના મરહુમ લોકપ્રિય કવિલોન્ગ ફેલોનું મોતેબર મત આજે માહરાં આ અદનાં પુસ્તકને એક કીમતી સાંધણ થઇ પડયું છે, જેથી એજ મતનો હવાલો આપી બીજો કાંઇક ટુંક ખુલાસો કરવાની રજા લઊંછું.

ગુજરાતી પ્રજા સાથનો આ માહરો ત્રીજો સંબંધ છે. મેં માહરાં આગલાં બન્ને પુસ્તકો માટે જાહેર કરેલું છે કે કદરદાન પ્રજા સાથનો માહરો ઘાડો સંબંધ દીનપરદીન વધ્યોજ જાયછે, અને તેજ વિશ્વાસ મને આ પુસ્તક માટે બાહેર લાવે છે. હું પોતે કબુલ કરૂંછું, કે માહરાં આરંભેલાં આ કામમાં મેં હજી ઘણાં લાયક નરોને ઇનસાફ આપ્યો નથી, કેમકે હજી એવા બીજા ઘણા પુરૂષો છે કે જેઓ માહરા આ અદનાં સંગ્રહમાં બીરાજવાને સર્વે રીતે સંપૂર્ણ છે, પણ દિલગીરછું કે ચોક્કસ કારણોસર હું આ ગ્રંથને વધુ અગત્યતા આપી શકયો નથી. તોપણ, ભવિષ્યમાં આ પુસ્તકનાં બીજા ચાર ભાગો પ્રસિદ્ધ કરવાની જે હું ઉમેદ ધરાઊંછું તેમાં ઘણે

દરજ્જે આ ખુટ પૂરવાની મને ઉલટ છે. માહરી આ કોશેષ બાહેર પાડવા આગમચ મને ચોક્કસ ઠેકાણાંઓપરથી એક ટીપ મળી હતી, જેમાનાં એક બે નામો પસંદ કરવા ઉપરાંત બાકીનાં સર્વે મેં રદ કર્યા છે. એમ કરવાની માહરી મતલબ એજ 'છે' કે ચીકાસ ઉપર નજર ન રાખતાં ગરીબ હોય તો શું થયું પણ યોગ્ય નરનીજ સ્તુતિ કરવી. માહરો આ વિચાર આ પહેલા ભાગમાં અમલ' આવેલો નજરે પડશે નહિ, કેમકે એમાં મેં બનતાં તુલી' 'પિલરો' નોજ સમાવ કર્યો છે, પણ હવે પછીના બીજા ભાગોમાં, જેમ જાહેર તેમજ જાહેરને જાણીતા પણ પડતા વખતનાં પ્રતાપે ઝાંખા થયલા કેટલાક લાયક પુરૂષોનો જમાવ કરવો છે. માહરા વાંચનાર મને એવી લાયક ટીપ મોકલી આપવાની મદદ કરશે તો ઉપકાર સહિત તે ઉપર ધ્યાંન દેવાને ચૂકીશ નહિ.

આશાછે કે માહરી આ કોશેષમાં, કદરદાન પ્રજા માહરી આગલી ચોપડીઓ જેવોજ પ્યાર ભર્યો આશરો અને આવકાર દેશે.

તારાપોર, }
તા.૧ લી સપ્ટેમ્બર ૧૮૮૮ } દા. એ. તારાપોરવાલા.

૩૬૮૨

કીરતી સંગ્રહ.

મહારાણી કયસરે-હિન્દ વિકટોરિયા.

કાફી—ઠુમરી.

("છાંડ લંગરવા મૂરખ મોરીબાંહીરે"—રાહ.)

જીવ જુગ રાણી વિકટોરિયા અમારીરે-
કીરત વધારી તાહરી-જગતમાં સારી-ભારી—ટેક.
રાજ નથી તુંજ સમ દુનિયાંમાં, થયું થશે બલહારીરે,
લાયક-લાયક-લાયકરે, જૂવે સુખ રૈયત તુંજ સારીરે. ૧
ગયા આગળા દોર નિજામી, ગયા પેશવા હારીરે,
પાયક-પાયક-પાયક જેઓ, હતા ફંદ-ફરેબમાં ભારીરે. ૨
સર્વે તણે છુટ તુંજ રાજે તો, શું નરકે શું નારીરે,
નીતિ-રીતી-ન્યાય અદલને, સુખ-સંપ તણી સરદારીરે. ૩
હે જગ ઈશ્વર! રક્ષ અમારી, વિકટોરિયા માં' પ્યારીરે,
સુખી રહી "**દીલજાંન**" રૈયતી, ગાય રાજ્ય તણી બલીહારીરે. ૪

હિન્દનાં માજી વૉયસરાય નામદાર લાર્ડ રિપનની કીરતી.

કાફી હોરી—(તાલ દિપચંદી.)

(" સાવરી અજહુ નહિ આયો "—એ રાહ.)

ખૂબ હિન્દમે નામ બડાઈ, ધન્ય લાર્ડ રિપન તોરી માંઈ—ટેક.

પાક કદમ તોરા હિંન્દમે આયો, વાંકી હુઈ સરસાઈ;
રહેમી નઝર તુને હિંન્દમે લંબાઈ,
સૂખમે વાંકા બિગાઈ, દુઃખ–સાગરસે ટળાઈ. ૧
બખ્ત બડાયો હિંદુસ્તાનકો, રહેમી જાલ ફૂએલાઈ;
સૂખ સંપત ઔર ચમન બતાયો,
દૂખ દલિદ્ર ભૂલાઈ, ધન્ય તોરી બાદશાઈ. ૨
રાજ્યમે તોરે–કાલે સે ગોરે, બયઠે સબી એક ઠાઈ,
ધન્ય હુએ તોરે ન્યાય અદલકો,
ધન્ય–પિતા–માત–ભાઈ, બિન તરશી રાજ્ય ચલાઈ. ૩
દેશી–પ્રજાકો જોજો ન હક્ક થો, વો વો સબી તું દિલાઈ,
ઈનશાફ કીનો અદલ–એક સરખો,
ખૂબ કીઈ હાક માંઈ, અમર નાંમ હિંન્દમે રખાઈ. ૪
"સ્થાંનિક–સ્વરાજ્ય" કો હક્ક દિલાયો, બખ્ત હમારી બડાઈ;
"દેશી–છાપકો છુટપણુ" બખશો,
બતાવું ક્યા કીરતી મય ગાઈ? મૂખસે ન જાય કહાઈ. ૫
બખ્તમે હિંન્દકે જો જો ન થા સો, વો વો તું કરકે બતાઈ;
સંપ–સુલેહ સબી જાય બિછાયો,
દુર નામ કિયા તુ લડાઈ, ધજા ખૂબ ધુંધી ઉડાઈ. ૬
એહી નેકી જનકો દિપાવે, બહિનાં શોભાવે ભાઈ;
મૂખસે બોલા એક બચન જો,
વોહી તું કરકે બતાઈ, ચુપ હી, ન બોલ ગુંમાઈ. ૭
રહેગો અમ્મર તેરા નાંમ એ હિંન્દમે, રાજ્ય તુ અયસી ચલાઈ;

દેખો જહાં–વહાં–સૂખ–સંપત ઔર—
અમન–ચમન ફૈલાઈ, બખ્તે–હિન્દ ચમકાઈ. ૮
ધન્ય હુએ અયસે નેક નરોકું, ધન્ય ઉનકી સરસાઈ;
ધન્ય ઉનોકે માત–પીતાકો,
ધન્ય ઉનકી બાદશાઈ, દિયો ખૂબ ગગન ગજાઈ. ૯
હિંદુસ્તાંનકી સબહી પ્રજાસે, પ્રિત અજબ તું લગાઈ;
જીગરસે રહો આપ દીલખુશ અપને,
દુઃખ દલિદ્રો ભૂલાઈ, આમીન હોએ દુહાઇ. ૧૦
સૂખ–સંપત ઔર અમન–ચમનસે, જગમે જીઓ જુગ જાઈ;
"દીલજાંન" ચાહે દુવા એ દીલસે,
કીરતી તુંમ્હારી ગાઈ, દિલકો અપ્ને બ્હેલાઈ. ૧૧

સખાવતનાં શાહ મરહુંમ સર જમશેદજી જીજીભાઇ પહેલા બારોનેટ, નાઇટ.,

પદ મુલતાની—તાલ દિપચંદી.

("મેલી ગયા આ ઠાંમ, ભાઈ સહુ, મેલી ગયા આઠાંમ"—રાહ)

ગયો આ નર નેકનાંમ, જગતથી–
ગયો આ નર નેકનાંમ–ટેક.
અગણીત કીધાં એ જીવડાએ, ખરાં સખાવત કામ;
રંક જનોની દાદજ લીધી, બાંધ્યાં આશ્રય મુકાંમ. ૧
આશ્રય–પાત્રને આશ્રય દેવા, દિધાં દયાથી દામ;
અમર નાંમ છે આજ જગતમાં, વ્યાપિ રહ્યુ સૌ ઠાંમ. ૨

ખુદાઈ રાહ પર દીલ ધરી સત, ધર્મ કીધાજં તમામ;
પારસિમાં આ ખરો પ્રકાશિત, તૂરો હતોજ મુદાંમ. ૩
માયાળુને સખી દીલનો, વળી રંકનો થાંમ[1];
પરદુઃખનો તો ખરોજ રેહબર, સંકટમાં દે હાંમ. ૪
ધર્મશાળાને ઈસ્પીતાલો, વળિ ઉતારા ઠાંમ–
કેળવણીના બહુ ગૃહ બાંધ્યાં, ધન–ધનએનાં કામ. ૫
જન–સુખ કાજે–શુભ રાહપર આ, નરે ખરચિયાં દામ;
થયા ન એવા–થશેજ થોડા, રંક–પિતા આ ઠાંમ. ૬
કોપ વરશિયો કાળ તણોને, ગયાજ બ્હેસ્ત મુકાંમ;
આજ રંક સૌ યાદ કરેછે, સખાવતી તમ કાંમ. ૭
અર્જ કરે છે "**દીલજાંન**" માહરો નાંમ લઈ મુખરામ;
ઓ જગદાતા! આ **નરનેતું**, દેજે સૂખ તમાંમ. ૮

સર દીનશાહજી માણેકજી પીટીટ, નાઇટ.,

ગઝલ—જોગિયા.

("હવે જરા ઉઘાડ આંખ દિકરા અરે"—રાહ.)

દીએ હએ સારી જહાંનમે, કર નાંમકો મશહૂર,
ન કૂચ્છભી લિયાકતમે રખી, આપને [1]સરૂર. ૧
શાહ હો સખાવત કે આજ, ખલ્કમે*માઈલ;
હર મૂસ્કીલમે આતે હો હો સાંમને પુરનૂર. ૨
જીઓ અએ વાલિએ–[1]ગદા, સદ શાલ તક અમર;
માંગતે હએ હકસે હમ રહો આફતોસેં દૂર. ૩

---

૧ ટેકો, આસરો. * જાણિતા; માનિતા.

ન જાનતે ખુદાકુ જો વો જાંનતે તુંમે;
કહેતેં હએ સારે આપકો,"દીનશાહ સખી બ્હાદૂર." ૪
જીગરસે આપ ખુશાલ રહો, તનસે રહો તંદરૂસ્ત;
પીકે-પ્યાલે-અમ્રતે-પાકિ ઝગી કે પૂર. ૫
તીલમાંકે [1] હમજો ચાહતેં હએ, આમિન વો આપકોં;
તમન્ના [3] સબ "દીલજાંન"કી પૂરાવે માંહો ખૂર. ૬

---

(૨)

ગરબા છંદ-સિંધુ બરવો-તાલ ત્રિતાલો.

("ચાલો ચાલોરે સખી સૌ આજ ભરતજ ભરવાને"—રાહ).

ધન-ધનરે સખિ શુભ નામ, દીનશાહ માણેકજી,
બહુ કીધાં સખાવત-કાંમ, ઠર્યો રંક-રક્ષ [4] નકી—ટેક.
શુભ મુહૂર્તમાં જગમાં જન્મી, કર્યો બ્હુ શુભ પૂનરે;
રંક જનોની દાદજ લીધી, ટાળી-દુ:ખ-જખ્મૂન. ૧
સખાવતોમાં મણા ન રાખી, ઉરનાં અતિ ઉદારરે;
દુ:ખ સમે દે સાહાય-દિલાસો, એજ એ નરનું કાર. ૨
ધર્મશળાને દવાશળાઓ, સ્થાપી ધરિ રંક- દાઝરે;
સુખ જાૂવેછે રંક જીવડા, લખો સુખિ થૈ આજ. ૩
દયા-દાનનો દિપતો દીપક, દીનશાહ આજ ગણાયરે;
હરેક પ્રસંગે પેહલાં એની, સખી-દીલ સાહાય જણાય. ૪

---

૧. કમતી; ઓછાઈ. × મશહૂર. ૧. ગરીબના બેલી. ૨. ચાહીને. ૩ મુરાદ; ઉમેદ; આશા, મનમાં ચાહેલું. ૪. ગરીબોનું રક્ષણ કરનાર.

પશુ–પક્ષીઓ રક્ષવા કાજે, બાંધ્યાં ધર્મ–મકાંનરે;
ક્રૂરપણાથી છુડાવવાને, કર્યું બહુ શૂભ દાંન. ૫
એવા–એવા અગણીત–ધર્મો, તણો સાંભળી તાબરે;
માહારાણીએ ખુશી થઇને, "સર" નો દિધો ખિતાબ. ૬
"જુબીલી" ના લાયક વખ્તે, દીધાં માનને ચાંનરે,
"માનપત્રો" પણ ગયાંજ અગણિત, ગામો–ગામ ઠિકાન. ૭
વિવેકનો આ ખરો વિર છે, શાહ છે સદ્‌ગુણ સંગરે;
પારસિ જાતે તૂરો શૂરો છે, સો ટચ–નોત્તમ–નંગ. ૮
અખંડ કોહિનૂર કીર્તે તણો છે, લેશ ન તેમાં વાણરે;
રાય–મહી આ હિરો ઝલકતો, રંક તણો તો પ્રાણ. ૯
માયાળુ–મેહેરબાન સ્વભાવિ, વળિ કશો નવ ગર્વ રે;
રાય હશે કે રંક જીવડો, ત્યાં છે એકજ સર્વ. ૧૦
ઈશ તણે આ અર્જ કરૂંછું, રક્ષ આ કીર્તિ ખાણરે;
ગ્રંથકારોના પરિશ્રમની, હૈયે જેને જાણ. ૧૧
જીવજો જગમાં જસને સુખથી, સર્વ કુટુંબ સહ આપરે;
એજ દુવા હું ચાહું જીગરથી, ઓ જગદાતા બાપ ! ૧૨
ધન એવા "**દીલજાન**" તણે જે, પરનું દેખી દુઃખરે;
દયા રંકની જીગર વસાવી, દિયે લાભ નિજ સુખ. ૧૩

સખી વજુદ શેઠ.

નસરવાનજી માણેકજી પીટીટ.

ધનાસરી-પીલુ-ગજલ-તાલ દીપચંડી.

(“તેરે શાંની અગર કોઈ બશર હોવે તો મઍ જાનું”—રાહ.)

સખાવતનો એ શાહ બીજો, “પીટીટ” નાં વઙંશમાં જાનો;
ગરીબોનો ખરો દાતા, સખી “હાતમ” સમો દાંનો. ૧
નથી એની સખાવતમાં, મણા રહી જાણજો નક્કી;
એ નરની શુભ-સખાવતથી, સુખી છે કાંઈ ઇનસાનો. ૨
ધરમશાળા-હવાખાનાં, અને બીજાં હજારો પુન;—
કરીને છે લિધાં જગમાં, રૂડા જશને ભલાં માનો. ૩
વડા ભાઈ તણે પગલે, સદા ચાલિને આ શેઠે—
કીધું છે નામને અમ્મર, ઉડાવ્યાં કીર્તનાં બાનો. ૪
ખુદા એવા સખી નરને, સદા બક્ષો ભરી દૌલત;
સખાવત શુભ થકી એની, મળો એને વડા ચાંનો. ૫
તુરો છે પારસી કોમે, અખ્ખંડ કીર્તિ છે ટોળાની;
જીવો સુખમાં કુટુંબી સંગ, જુવો આરામ-ગુલતાનો. ૬
મુરાદો સૌ પુરો દીલની, હશે જે દીલમાં તમનાં;
ખુદા તમને સદા આપે, અસાધારણ રૂડી શાંનો. ૭
તંન “દીલજાન” થી તંદરૂસ્ત, રહી રંકની ધરો દીલ દાઝ;
સખાવત રાહ છે જીમતની, લીયે એ રાહ જે દાંનો. ૮

(ઑનરેબલ)

શેઠ. સોહોરાબજી શાપુરજી બંગાલી,

સી૦ આઇ૦ ઈ૦,

સુરસારંગ–ગરબી–તાલ–ધિમો ત્રિતાલો.

("સતિ પાર્વતિ, પરમ પૂનિત તું પતિ, મહિપતરામની"—રાહ.)

ધન સોરાબજી, નામ વધાર્યું કૂળનું, ધન તુંજ માતને;
ધરી હામ અતિ, કામ કર્યાં બહૂ રૂડાં, દિપાવી જાતને—ટેક.
તેં કરી સખાવત લાખોની, તેં દાદ લીધિ બહુ રંક તણી;
તેં કૂળની વધારી કીરત ઘણી. ધન સોહરાબજી૦ ૧
બહૂ રંક તણાં દુખડાં કાપ્યાં, ધરી દાઝ દિલે સૂખમાં સ્થાપ્યાં;
નાગાં જનને વસ્ત્રો આપ્યાં. ધન સોહરાબજી૦ ૨
"સ્ત્રી–કેળવણી" ની દાઝ ધરી, સ્ત્રી–સૂખ પ્રત્યે બહુ હામ કરી;
"કન્યાશાળા"* બંધાવિ ખરી. ધન સોહરાબજી૦ ૩
જ્યાં કેળવણી લઇ બહૂ બાળિ, સંસારી–સૂખની લઈ થાળિ;
ઘર જાય થઈ સ્યાંણી–ચાલી. ધન સોહરાબજી૦ ૪
ધન–ધન છે તુંજની માત તણે, સ્ત્રી–દાઝ ધરે એવો તે જણે;
જે સ્ત્રીનાં હક્કને શ્રેષ્ટ ગણે. ધન સોહરાબજી૦ ૫
સ્ત્રી જાતિનો તેં ધર્મ લિધો, ઉપકાર બહૂ મોટોજ કિધો;
રૂપિયો લક્ષ દિલ મોટે તેં દિધો. ધન સોહરાબજી૦ ૬

---

* " બાઇ ભીખાઇજી શાપુરજી બંગાલી કન્યાશાળા. "

હોય રૂડાં કામે ખૂટ જહીં, જો સાંભળશે એ શેઠ કહી;
કરે દ્રવ્ય તણી તૂર્ત મદદ તહીં. ધન સોહરાબજી૦ ૭
ઉપકારી બહુ એ શેઠ તણાં, છે રંક ટળ્યા આભારે ઘણાં;
સખાવતમાં કંઈ રાખિ ન મણાં. ધન સોહરાબજી૦ ૮
પર–જાત તણી પણ દાદ લિધી, નવજાત–પ્રજા તે વાણુ કિધી;
વિપ્ર જોઇ સખાવત તૂર્ત દિધી. ધન સોહરાબજી૦ ૯
પર–ઉપકારી એ શેઠ ખરા, દિલમાં છે દયાનાં વ્હેત ઝરા;
છે "પરદુઃખ ભંજન હાર" નરા. ધન સોહરાબજી૦ ૧૦
બહૂ વૃદ્ધી થજો આયુષ્ય તણી, દિપજો બહૂ કિરતિ એથી ઘણી;
પૂરો ચાહિ આસ સૌ તન–મનની. ધન સોહરાબજી૦ ૧૧
જુગ–જુગ જીવજો સૂખ સાગરમાં, ધરી દાઝ ગરીબોની અંતરમાં;
કરો હાટ લઈ રંક પુન્ય ઘણાં. ધન સોહરાબજી૦ ૧૨
ઓ ઈશ! જીવાડ સખી આખરો, તન–મન સુખથી બહુ ચેને ફરો;
"દીલજાન" તણી સઉ આસ પૂરો. ધન સોહરાબજી૦ ૧૩

મરહુમ લોકરક્ષી

શેઠ નવરોજજી ફરદુનજી સી. આઈ. ઈ.,

નું દુઃખ–દાયક મૃત્યુ.

રાગ–કલ્યાણ.

("સૃષ્ટિ–સકળમાં કોઈને, મૂકે કદિ નવ મોત"—રાહ.)

ઓ ઈશ્વર! આ કોપ શો? અરેરેરે, અફસોસ!

નવરોજજી પર શો કર્યો, કનિષ્ટ કાળે જોસ ? ૧
માંનિતો મુમ્બાઈ તણો, જાણિતો જગ-માંય;
લોક-હિતાર્થે જે શૂરો, સ્હેરી લડે સદાય. ૨
તેવા નરની તો સુણો, જગમાં હતી જરૂર;
પણ તે યમનાં દૂતથી, વળિ ગઈ સઉ ધૂર.* ૩
તારિખ બાવિસ સપ્ટેમ્બર, અઢારસે પંચ્યાસિ;
નવરોજજી ફરદુનજી,-શેઠ થયા સ્વર્ગવાસિ. ૪
કિર્તી બહુ જેની વધી, જગમાં ઠારો-ઠાર;
બિન સ્વાર્થિ આ નર ખરો, પર દુ:ખ ભંજનહાર. ૫
માંસ સરેવર જન્મનો, અમરદાદ રોજ ધાર;
અગ્યારસે-છયાંસી વળિ, યઝદઝર્દ-શહેરીયાર. ૬
તારીખ દસમી માર્ચને, અઢારસે-સત્તર;
માંત "હીરાંબાઈ" કૂખથી, પ્રસવ્યો આ પુત્તર. ૭
ફાગણ વદ આઠેમનો, શૂભ દિવસ સોમવાર;
અઢાર-તોંહતેર સંવત છે, જન્મ દિવસનો ધાર. ૮
જન્મી ફાંની જગતમાં, કર્યાં બહુ શૂભ કામ;
આજે મર્ણ-પ્રસંગમાં, યાદ કરે જગ નાંમ; ૯
કિરતી તેં બહુ-બહૂ રચી, જગમાં થયો પ્રસિદ્ધ;
કરી હિંમાયત રંક તણી, કામ કર્યાં બહૂ સિદ્ધ. ૧૦
તું જેવો સ્હેરી હવે, ક્યાંથીરે મળનાર;
તુંજ મરણની ખોટ તો, નહીંજ કદિ પૂરનાર. ૧૧
"ગ્લાડસ્ટન-હિંદુસ્તાનનો" ખરેજ તું કહેવાય;

---

* ધૂળ.

ત્હારી જગ્યાં તો હવે કદી નહિજ પૂરાય. ૧૨
ઓ ઇશ્વર! મુંબાઈ તણે, કારી લાગો ઘાય;
એ જેવો શ્હેરિ હવે, નવ મળશેજ કદાય. ૧૩
પરમાર્થમાં જે પૂરો "લોકરક્ષી" શૂરવિર;
જેણે બહુજન દુઃખ હર્યાં, વ્હેત સુકાવિ નિર. ૧૪
"લખ્યાલેખ મીટે નહીં," જે સરજ્યું તે થાય;
માટે તે નરને પ્રભૂ! સૂખમા રાખ સદાય. ૧૫
મ્હારાંણિ સરકારથી, ગયે વરસ ખિતાબ;
મળ્યો હતો પણ રે નસિબ! ભોગવ્યો ન સમાંપ. ૧૬
મુંબાઈ નગરી તો હવે, આજ–કાલ ગમગિન;
આ શૂરવિરને ખોહિને, થઈ ગમને આધિન. ૧૭
ઓ ઇશ્વર! સુણ તું હવે, અરજ કરે **"દીલજાન;"**
સદા ખુશી આ શેઠનું, સ્વર્ગે રહો રૂવાંન. ૧૮

દેશ–હિતકારી પ્રોફેસર ઑનરેબલ.

મી. દાદાભાઇ નવરોજજીની કીરતી.

રાગ—હોરી કાફી (તાલ દિપચંદી.)

(રાહ—"સાવરો અજહુ નહીં આયો.")

ખુબ કીરતી તું તેરી બડાઈ, ધન્ય નાંમ તેરો "દાદાભાઈ"—ટેક.
દેશ–પ્રદેશકી દાઝ પકડ કર, હિત્ત સ્વદેશી બતાઈ;
દેશ–હિતાર્થે શ્રમ લિનો ખુબ,
ધન્ય પિતા–માત–ભાઇ, અજબ હિત દિલમે સમાઇ. ૧

નામસે કીરતી બડી નાહિ તોરી, કાંમસે કીરતિ બડાઇ;
જુગ–જુગ જીઓ સદા એ જગમે,
માંગી મૂરાદ તું પાઇ, હરકી રહો તોપે છાંઈ. ૨
આશ્રય દિયો રંક–રૈયતકો, બલા અપ્ને સરપે લાઇ;
દરકાર કીઈ નહીં કુછ દુઃખકી,
સ્વદેશી હિત્ત સમાંઇ, ઉસ્મેહી જીકો ઝુકાઇ. ૩
નાંમ રહેગો સદા એ જગમે, અયસી કરની ચલાઈ;
અગણિત કારન શ્રમ લિનો તૂં,
કીરતી બતાવું કયા ગાઇ? તાકત ન દીલમે સમાંઇ. ૪
તન–મન–ધન–અરપન કીયો તૂં, દેશપે જીકો ઝુકાઇ;
ગુમ કીનો ઉપકાર પ્રજાપે,
ભેદ કછું નાહી પાઇ, દીલમેહી તોરે સમાઇ. ૫
ધન્ય હએ અયસે નેક નરોકું, ધન્ય હએ ઉનકી જીલાઈ;
ધન્ય હએ ઉનકે ખેશ–કુટુંબકો,
ધન્ય તોહે "દાદાભાઈ," ધન્ય–ધન્ય તોરી ચતુરાઈ. ૬
સુખમે ગુજારો જીંદગીએ અપની, કીરતી રહો તૂં બડાઈ;
જીગરસે રહોનિત અમન–ચમનસે,
દુઆ એહી દીલમે સમાઇ, ખુદાયા હે સબહી પૂરાઇ. ૭
આશસે તોહે નીરાશ ન કરિયો, હરદંમ રહો હર છાંઇ;
"દીલજાંન" ચાહે દુવા એ હકસે,
સરકો આપને ઝુકાઇ, આમીન હોએ દુહાઈ. ૮

ગુજરાતના પ્રખ્યાત કવિશ્વર દલપતરામ ડાહ્યાભાઇ (સી. આઇ. ઇ.,)

સિંધુ ભરવો–ગરબી–તાલ ત્રિતાલો.

("જોયું–જોયુંરે કોહલાપૂર શહેર"—રાહ.)

જીવો જુગ–જુગ આ કવિરાજ, જગતમા જાણિતો;
ભવ–ભોગ દિધો જગકાજ, જગતને માનિતો—ટેક.
ડાહ્યાભાઈનો પૂત્ર પનોતો, આ દલપત કવિરાજરે;
જેણે ભોગ દિધો નિજ ભવનો, પ્રજા તણાં સૂખ કાજ. ૧
કાવ્ય* રસિલાં કવી તણાં આ, દીન–દીન વાંચો તોયરે;
કોઈ ન કહેશે લાગ્યાં અકારા, સર્વ હર્ષથી જોય. ૨
શૂરવિરોનાં જન્મ ચરિત્રો, તણાં ચિતાર્યા ચિત્ર રે;
મણાં કશી નવ તેમાં રાખી, રંગા–રંગ વિચિત્ર. ૩
ઘરડાંથી તે શાળે શિખતું, વર્ષ પાંચનું બાળ રે;
તે પણ એનાં કાવ્ય રસિલાં, ગાય ખુશી દઈ તાળ. ૪
જાતીનાં ઉપદેશ તણાં તો, કાવ્ય તણો નવ પારરે;
પઢતાં પંડિત ખરે બને તે, મૂર્ખ હોય જે ધાર. ૫
ધન્ય–ધન્ય તુંજ માત–પિતાને, ધન્ય તાહરૂં નેક નાંમરે;
ધન્ય–ધન્ય તુજ ઉંચ કૂળને, કર્યા પરમારથી કામ. ૬
ધન્ય–ધન્ય અંગ્રેજ બ્હાદૂરને, ધન્ય છે એનો ન્યાંયરે;
ગૂણવંતાના ગૂણો પિછાંને, હોય પછે તે કયાંય. ૭
કવિતણાં સૌ ગૂણો પિછાંની, "સી. આઇ. ઇ." ખિતાબરે;
"વિકટોરિયાની વરસગાંઠ" દિન, એને પૂર્યો એ લાભ. ૮

---

* કવિતા.

સૌ સારૂં થયું એનું પણ, છે દુ:ખ દાયક એકરે;
નેત્ર-રત્નનું ખોયુ જવાહિર, એ ખોટું બહુ છેક. ૯
નેત્ર તણાં આ ઘરડે-ઘડપણ, દુખ તણો નવ પારરે;
આંખ વિના દિન-રાત અંધારી, સૂનો સઉ સંસાર. ૧૦
"લેખ લખ્યા મિટે નવ" જાણો પણ અણઘટતું જાણરે;
પરમાર્થી આ પૂર્ણું કવિપર, ઘટે ન દુખ દબાંણુ. ૧૧
ચરણ પડી ગુજરાત નમે છે, અર્જ સુણ જગ-બાપરે;
દલપત દાઝ વસાવી વિનવે, કાપ એહનો સંતાપ. ૧૨
એની પૂરજો મન ચાહી સઉ, દીલ તણી નેક આસરે;
માન-ચાંનને સુખ-સંપતથી, રૂડા ખેતાબો ખાસ. ૧૩
જીવજો જુગ-જુગ સુખ-સાગરમાં, સહુ કુટુંબ પરિવારરે;
કરો સદાતમ શુભજ કામો, "પરદુખભંજન હાર." ૧૪
"**દાદાભાઇ**" દુવાદે દીલથી, વિશ્વ તણાં હે બાપરે;
દલપતરામ તણાં સૌ દુ:ખને, કૃપા કરી તું કાપ. ૧૫

ઑનરેબલ મી. ફીરોજશાહ મેહરવાનજી મેહતા, એમ. એ.

સવૈયા (એકત્રીસા)

અઢારસે-પિસ્તાળીસ સાલે, દીઠી જગ જેણે આકાર,
વળી હતો શુભ માસ આઠમો, અંગ્રેજી તારિખ વિસ-ચાર;
અસ્લિલ પિતાને પેટે આવું, દિસ્યું ચંચળ આ ફરજંદ,

ધન–ધન તુજનાં માત–પિતાને, ખરો "ફીરોઝ" ફત્તેહમંદ. ૧
બેરિસ્ટરની પદવિ લૈને, કીધું જગમાં જાણિત નામ,
વળી કર્યા બહુ જન–હિત કાજે, સુખ–સુધારાનાં શૂભ કામ;
મોટા–મોટા "કેસ" મહી બહુ, બાથજ ભીડી દીલ પસંદ.
ધન–ધન તુજનાં માત પિતાને, ખરો "ફીરોઝ" ફત્તેહમંદ. ૨
શોભા એનાં નામ થકી છે, ભલી પારસી જાત તણે,
ધન–ધન–એની માત કૂખને, એવો કુળ શોભીત જણે;
ફિરોઝશાહનાં સુભાગ્યથિ છે, કીર્તી કોમ તણીજ અખંડ,
ધન–ધન– તુજનાં માત–પિતાને, ખરો "ફીરોઝ" ફત્તેહમંદ. ૩
બાળ–બચ્ચાંથી મોટાં સૌમાં, નામ થયું છે બસ અમ્મર,
નસીબ દેવીનાં પગલાંની, ઉડી રહીછે શુભ ચમ્મર;
સદા રહો તે ચઢતી દેવી, અને રહો ત્યાં નિત્યાનંદ,
ધન–ધન–તુજનાં માત–પિતાને, ખરો "ફીરોઝ" ફત્તેહમંદ. ૪
દીધું 'ઑનરેબલ'નું માનજ, કીર્તી જાણી સરકારે,
કાઉન્સિલમાં બેઠક દીધી, લાયક નર દીઠો જ્યારે;
વધામણી આ શૂભ સાંભળી, થયો સર્વને અત્યાનંદ,
ધન–ધન તુજના માત–પિતાને, ખરો "ફીરોઝ" ફત્તેહમંદ. ૫
રહો સર્વદા સુખ–સંપમાં, દિપાવજો નિજ કૂળનું નામ,
હિત ધરી દીલ રંક તણું નિત, કરો દેશ–હિતનાં શુભકામ;
વધો કીરત છે એથી જાદા, ફુલસમ પમરો સારે ખંડ,
ધન–ધન તુંજનાં માત–પિતાને, ખરો "ફીરોઝ" ફત્તેહમંદ. ૬

"દાદાભાઈ" દુવા દે દીલથી, વિશ્વતણા સતવંતા બાપ,
કીર્તી–જશને માંન–ચાંનની, વૃદ્ધિ તું એ નરને આપ;
છે એથી બહુ વધજે– એનો, પ્રજાસાથનો નિકટ સંબંધ,
ધન–ધન– તુજનાં માત–પિતાને, ખરો "શીરોજી" ફત્તેહમંદ. ૭

હિન્દ–હિતકારી પ્રોફેસર ફૅાસેટનું.

દુઃખ–દાયક મૃત્યૂ.

ભૂજંગીછંદ.

("હતો હું સુતો પારણે પૂત્ર ન્હાંનો"—એ રાહ.)

થયો ગુલ હિન્દ તણો આ સિતારો,
અરે ! આ બન્યો શો બનાવ નઠારો.
રહી પંથરાઈ આ હિંન્દે ઉદાસી,
ભલો ભક્ત ફૅાસેટ થયો સ્વર્ગ વાસી. ૧

અરે પાપી જમડા ! તું શું ના ધરાયો,
શૂરો વીર ફૅાસેટ તને ક્યાંથી પાયો ?
ખરે તેં દીધીરે ગળે હિંન્દ ફાંસી,
ભલો ભક્ત ફૅાસેટ થયો સ્વર્ગ વાસી. ૨

હવે કોણ આ દેશની દાઝ ધરશે,
હવે હિંન્દ પ્રત્યે શૂરો કોણ જડશે,
હવે કોણ ટાળે આ હિંન્દ ઉદાસી;
ભલો ભક્ત ફૅાસેટ થયો સ્વર્ગવાસી. ૩

ફુટું કર્મ હિંન્દ તણું આજ જાણો,
હવે હિંન્દ કેરો રહ્યો કોણ સ્યાણો ?
હવે હિંન્દમાં તો નિરાસી-નિરાસી,
ભલો ભક્ત ફૅાસેટ થયો સ્વર્ગવાસી. ૪
સદા હિંન્દની દાઝ દીલે ધરીને,
સદા શ્રત પ્રત્યે બહુ તેં લડીને;
કરી હિંન્દ શત્રુ તણી હાર ખાસી,
ભલો ભક્ત ફૅાસેત થયો સ્વર્ગવાસી. ૫
હવે તો ચઢી આવશે શત્રુ સારા,
કરી હિંન્દ પે હૂમલો,-ત્યાગિ ધારા;
થશે ત્યાર કેવી ભરતખંડ પ્યાસિ ?
ભલો ભક્ત ફૅાસેટ થયો સ્વર્ગવાસી. ૬
હવે હિંન્દ પ્રત્યે ઉભો કોણ થાશે,
હક્કો હિંન્દનાં કોણથી જળવાશે;
દુઃખો હિંન્દ તું વિન લડે કોણ ભાસી,
ભલો ભક્ત ફૅાસેટ થયો સ્વર્ગવાસી. ૭
લખ્યા લેખતો નાં કદાપિ મિટાશે,
ઉપાયો કરો ક્રોડ પણ તેજ થાશે;
થયો કાળ ત્યાં શું કરીએ વમાસી,
ભલો ભક્ત ફૅાસેટ થયો સ્વર્ગવાસી. ૮
હવે ઇશ ! કૃપા કરી દુઃખ ટાળો,
ધરે હીત હૈડે-દીયો એક વહાલો;

દીધી સત્વરે તો ગળે હિન્દ ફાંસી,
ભલો ભક્ત ફૉસેટ થયો સ્વર્ગવાસી. ૯
સદા હિન્દ મિત્રો તણે સ્હાય થાજે,
બને નાં બનાંવ–બન્યો છે જે આજે;
કદાપિ, ન "દીલજાન" દેખે નિરાશી,
ભલો ભક્ત ફૉસેટ થયો સ્વર્ગવાસી. ૧૦

(દોહરા)

હિન્દ તણું ફૂટયું નસિબ, ગયો દાક્ષ ધનાર;
"હિન્દ હિતકારી" નર ખરો, સફળ કર્યો સંસાર. ૧
ઓ ઇશ્વર ! ફૉસેટને, સુખમાં રાખ સહાય;
આ સંસારે બહુ કર્યા, જન સુખતણાં ઉપાય. ૨
હિંન્દુસ્તાન તણાં સદા, જાળવવા હક જાંણ;
નિજ "દીલજાંન" ફિદા કરી, ગયો તજી અહીં પ્રાણ. ૩

સરદાર ખાનબાહાદૂર પદમજી પેસ્તનજી પુનાં વાલા.

માંડ ગરબી—તાલ દાદરો.

("જગમાં ખોયો જન્મ જેણે પ્રિત નહીં કરી"—રાહ)
કીરતીની ખાંણો છે આ નરમાં કંઇ અજબ ભરી,
સંતોષ પામ્યા છે સૂખો લાખો તણે કરી— ટેક.
પેસ્તનજીનાં સુત જે, પદમજી આજ ગણાય;

જેનાં સદ્દગુણો ની કો'થી, સિંમાં નહીં ગવાય—
એવો આ નરછે ધન્ય એની માંતને ખરી. ૧
સાથી જે નિત સત્યનો, ધર્મે જેનું દીલ;
દુખિયાં જનને દાંન દેવા, જે કરે નવ ઢીલ—
ચાલે જે નિજ કીરતારનાં ફરમાનપર ડરી. ૨
નીતિજ જેની ગાદી, ને બસ, ધર્મજ જેનું રાજ;
સુખને સંતોષનું જેનાં મુખપર દીપે તાજ—
પેશાંનીપર ખાંનદાંની નૂરી ઝલકેછે નરી. ૩
દાઝથી દુઃખિયાં તણાં, કંઇ મિટાડ્યાં દુઃખ;
લક્ષોજનો દુવા દીયે, પાંમી પૂરણુ સુખ—
'સરદાર ખાનબ્હાદૂર' તણી પદ્વી કરી ખરી. ૪
રક્ષ એ'વા નરતણે, હે જગતનાં તાત !
જે રંકો'ની દાદ લિયે, રાખી હૈયાં સાથ—
જાંમ પૂરો નરતણે આ, રહે દીલે ઠરી. ૫
સેવા કીધ સરકારની, દઈને તન "દીલજાંન";
એથી વધુ, કરી પાંમો, જગમાં માંનો–ચાંન—
ખતંમ કરીશું એ દુવા ચાહી દીલે ખરી. ૬

---

૧૦૦ વાઘ મારનાર બ્હાદુર શિકારી મરહુમ હોરમશજી એદલજી કોટવાલનું મરણ.

(રાગ) આસાવરીનો ખ્યાલ.

(રાહ) "કેવી બનીરે જફાકારી"

થયો–થયોરે જુલમ ભારી,
લુટયો જમે આ તૃણ શિકારી—ટેક.

અસલ ઈરાંની નસલ બતાવી, ખરો એ નર બ્હાદૂર;
કિધા ઠાર વાઘો કંઈ ક્રૂર, ખરૂં તુજ શુર, બલદારી. ૧
હિંમતનો તું હિરો હતો સત, પણ નાં જીવ્યો હાય!
તુજ ખોટ હવે ન પૂરાય, ખાલી રહી જાય, મહાકારી. ૨
ધન્ય–ધન્ય તુજ માત–પિતાને, નર બ્હાદૂર કોટવાલ;
ખરી કિધી અટકની ચાલ, મગર એકબાલ, ગયું હારી. ૩
થોડા તુજસમ થશે તરો જ્યાં, હિમ્મતમાં મરદાંન;
થયો અસ્ત પ્રકાશિત્ત ચાંન, તજી આ જેહાંન, ગયો સારી. ૪
શિકારીનો સરદાર ખરો તું, મણા ન એમાં લેશ;
રડે પ્રજા–કુટુંબને ખેશ, જોઈ જુંબેશ, જુલુમગારી. ૫
હવે ન મળશે તુજસમ હિરો, જન–દુઃખનો હરનાર;
બસ ગયો શએર–સરદાર, ખરો બળદાર, સિતંમ ભારી. ૬
વાઘ શિકારી–વાઘ હાથથી, મૂંવો અરે અફ્સોસ!
તુટું સર્વ જોર ને જોશ, બન્યો બેહોશ, જફાકારી. ૭
ભલે થયું જે કર્મે હશે તે, રહ્યો ન કાંઈ ઉપાય;
હવે શોક કરે શું થાય? મુવું તે જાય, સદાકારી. ૮
માટે ઇશને કરૂં વિનંતિ, રક્ષો એનું રૂવાંન;
દઈ શ્રેષ્ટ સૂખનું દાન, સદા "દીલજાંન," ગુલજારી. ૯

મરહુમકવિ નર્મદાશંકરલાલશંકરનું દુઃખદાયક મૃત્યુ
(સવૈયા) એકત્રિસા.

ગયો ગુર્જરી પ્રજા તણો આ, કવિ અસ્ત થઈ હરને દ્વાર,
જેનાં મરણે હિન્દ તણી આ ભૂમીપર થાયો અંધકાર;
ઓ ઇશ્વર! આ કોપ શિદને? કરી ખતા શી કહે નવિ?
અભાગ્ય તારાં હિન્દ! જાણવાં, ખોયો તેં આ નર્મ–કવિ. ૧
ગુર્જર ભાષાને ખિલવી ખુબ જન્મ ખરો દીલથી દેનાર,
"નર્મ કવિતા"—"નર્મકોષ" ને "પિંગળ," "વ્યાકરણ" નો કરનાર;
તે કોપીને ગયો તજી સૌ, બહુ ખતા જે નહીં થવી,
અભાગ્ય તારાં હિન્દ! જાણવા, ખોયો તેં આ નર્મ–કવિ. ૨
'બીજો દલપતરામ' હતો આ, જેનું નામ હતું પ્રખ્યાત,
ખરો વળિ નર દેશહિતકારી, કીરતી જગમાં છે સાક્ષાત;
હતો હિન્દનો ઉદય થતો આ, "પ્રેમાનંદ" સમ નર્મ–રવિ,
અભાગ્ય તારાં હિન્દ! જાણવાં, ખોયો તેં આ નર્મ–કવિ. ૩
ગ્રંથ અપાર લખ્યા કંઇ એણે, દલપતરામ સમું લૈ નામ,
પર ઉપકારી કાર્યો કાજે, વેર્યા અગણિત દીલથી દામ;
ડર નવ કીધો દુસ્મનનો, તે ભસે રહ્યા સમ શ્વાન લવિ,
અભાગ્ય તારાં હિન્દ! જાણવાં, ખોયો તેં આ નર્મ–કવિ. ૪
ઓ ત્રિભુવનનાં તાત! ચાહું હું, કરૂં અરજ નમિને, તું માન,
તુંજ દરબારે પૂર્ણ સૂખમાં, ચમન કરો કવિનો "દિલજાન;"
કરૂં વિનતિ–ચરણ પાંચની, અદનાં આ કવિતાજ ભવિ,
અભાગ્ય તારાં હિન્દ! જાણવાં, ખોયો તેં આ નર્મ–કવિ. ૫

મરહુમ સર કાવશજી જેહાંગીર રેડીમની, નાઇટ.

ગજલ.

(" બેદાદ મુઝે યાદ હએ "—રાહ)

ધન્ય તારૂં નામ, હતો મરનાર તૂં ખરો,
ગરિબનો કદરદાંનને સરદાર તૂં ખરો. ૧
લખો તણી કરિ સખાવતો થયો મશહૂર,
દુ:ખિની દાદ દીલમાં ધરનાર તૂં ખરો. ૨
પૂંજેછે આજ નામ તુંજ તણે પ્રિતે સઉ;
થયો સૂખી જૈ બહેસ્તમાં, ગુલ્જાર તૂં ખરો. ૩
મુંબઇમાં છે મશહૂરને જાણિતો જગમહિં;
હતો પરદુ:ખનો ત્યાં ભંજનહાર તૂં ખરો. ૪
કીરત કથું શું તુજ તણી, "દિલજાન"થી મુજ આ?
સફળ ગયો છે ત્યાં કરિ સંસાર તૂં ખરો. ૫

નામદાર શેઠ બેહરામજી જીજીભાઇ, સી. એસ. આઇ.

ભૈરવ પ્રભાતી—પદ—તાલ ધિમો ત્રિતાલો.

(" જગતપતિ—જગનાથ પ્રભૂતૂં "—રાહ)

ધન્ય જીવણુ આ નરનું જાંણો, આજ કરે સરદારીરે—ટેક.
કામ તણો આ શૂરો અકાબર, ગાય ગુણ નરનારીરે;
કીર્ત—સ્તંભ છે પારસિ જાતે, દુ:ખી તણે દે યારીરે. ૧
બહુ—બહુ કીધાં જન—સૂખ કાર્યો, પ્રજા તણે સુખકારીરે,

અથાગ કીરતી જેની જગમાં, પસરી રહી છે સારીરે. ૨
જીજીભાઇનો સૂત જસવંતો, બ્હેરામજી બલિહારીરે,—
ઉડી રહી છે જગમાં જેની, ધન્ય માતને તાહરીરે. ૩
આસન રાખી સ્વહિત લાભે, ખરોજ પર હિતકારીરે,
સુણિ સરકારે કીરત સારી, ખિતાબ દીધો ભારીરે. ૪
સી. એસ. આઈ. નું માનજ ઉમદા, આપ્યું કીર્તે વિચારીરે;
જે આજે છાતીપર લટકે, નિશાંણપર ઉપકારીરે. ૫
દયા–દાંનનાં દિધાંજ દાંનો, દેવા સુખ–સંસારીરે;
ધન્ય–ધન્ય એ નરને જેણે, કામ કર્યાં સુખકારીરે. ૫
જીવજો માથે–પારસિ જાતે, એવા અકાબર ભારીરે,
જેનાં પુણ્ય પ્રતાપે સૌને, મળે સૂખની યારીરે. ૭
"દિલજાંન" દે છે દુવા જીગરથી, ચરણે પડી–પૂકારીરે;
અગણિત એવા દે ઈશ્વર! તું, નર જે રંક–હિતકારીરે. ૮

શેઠ ફરાંમજી નસરવાનજી પટેલ.

જીલા પદ–તાલ દિપચંદી.

(" નાથ કયસો ગજકો બંદ છોડાયો"–રાહ)

કહો કયાએ નરકી બિખાંન મય ગાઉં ?
શુભ કરત કયું ગૂંથ બતાઉં ?—ટેક.
નામ બડાયો કરે કામ નેકી,
કયસો મય જાન બનાઉં ?
ગૂમ કિયો દાંન ખૂબહી દિલસે,
જાન શકે નાહી કાઉં. ૧
સફલ કિયો સંસાર એ સારો,

હરકો લીધ સર છાઉં;
કરમ-ધરમ પેહી દિલકો લગાયો,
"**દિલજાન**" આસ પુરાઉં. ૨

(દોહરા.)

ધન્ય જન્મ ને જન્મ ધડિ, ધન્ય દિવસને વાર,
જગે દિઠો એક નર સખિ, આજે જે આરકાર;
ઉચ્ચ કૂળથી નીપજી, ઉંચાં કીધાં કાજ,
પ્રજા હર્ષ હૈડે ધરિ, ધન્ય વદેછે આજ,
જુગ-જુગ જીવજો સૂખમાં સહિત કુટુંબ-પરિવાર;
કહી દુવા "દાદી" તણી હોજો જયજયકાર.

શેઠ ખરશેદજી ફરદુનજી પારખ,

("નમુંછું તને હું ઓ રહેમાન પાક"—રાહ)

સખાવતનો સાથી સદા સર્ફરાજ,
દિપેછે સરે તેનાં કીરતીનું તાજ. ૧
સખી નર જગતમાં કદિ ના છુપે;
ઝલકતા સિતારા સમો તે દિપે. ૨
સખી નર સદા થાય જગ આશકાર;
નર આ છે તેવોજ ભલો નામદાર. ૩
ખુરેહ જેનાં દિલમાં, નમન જેનું નામ;
કરે જે સખાવત તણાં નિત્ય કાંમ. ૪
શિવા ખુદ બિજોનાં તે જાણે કદિ;

એ નરની શિફ્ત હું, શકું શું વદિ? ૫
અજબ આ જમાનાંનો જુલ્મી છે દોર;
ગજાવે ઘડિમાં, ઘડિમાં દે સ્હોર. ૬
કિધો આ સખિ નર તણો લૈ શિકાર;*
બુઝર્ગીને વખ્તે કીધો ફેરફાર. ૭
ગઇ આગળી તે દમામિને દોર;
ઓ જુલ્મીજ માના! અજબ ત્હારો સ્હોર. ૮
કચર્યો આ નરને તુજ બોજા તળે;
દિધો ગમ-કરી કમ દમામિ-ગળે. ૯
સબર ! એથી પૂરે કીરત ના ગઇ;
તે સુલ્તાંની સંતની ન ઝાંખી થઈ. ૧૦
કીરત કીરતીવંતોની રહેશે સદા;
શું સાહેબ-કમાલત શું "દિલજાંન" ગદા. ૧૧

બેહેસ્તનશીન શેઠ રૂસ્તમજી જમશેદજી જીજીભાઇની કીરતી.

(રાગ) આસાવરીનો ખ્યાલ.

(રાહ) "કેવી બનરે જફાકારી.

જુવો-જુવો રે જુલમ ભારી, કેવી પડી કજા આ કારી?—ટેક.
પુત્ર પનોતો-પ્હેલા 'સર' નો, રૂસ્તમજી નેક નાંમ;
કિધાં સખાવતી બહુ કાંમ-દયાથી દાંમ-દઇ કાહાડી. ૧

દર્દીઓનાં દૂખ ટાળવા, કર્યા બહુ સુખ-ઠામ;
જ્યાં જઈ પામે આરામ-વિના દઈ દામ-ખલક સારી. ૨
બંગાલ પ્રાંતને વાવ્ય ખૂણામાં, પડયોજ દૂષ્ટ દૂકાળ;
ધરી શામ સખાવત થાળ, બાળી ભૂપાળ-દયા ધારી. ૩
ધર્મશાળા કંઇ અગણિત બાંધી, નામ કીધું પ્રખ્યાત;
હરિ લિધો જગત જશ હાથ, બનિ વિખ્યાત નેકી સારી. ૪
હાય! હાયરે! એવો વિરલો, જગત છાંડિને જાય;
દુઃખની હદ કયાંથી થાય? જાય કીર્ત કાય સદાકારી. ૫
આજે જેનાં પૂન્ય-પ્રતાપે, સૂખ જાૂવે કંઈ લોક;
કરિ હવે કરે શું શોક? ગઇ રંક-નોક-જાુલમગારી. ૬
માત-પિતાનું નામજ રાખ્યું, કીર્ત જેની અમ્મર;
રહિ ઉડી યશનિ ચમ્મર, ગાય દમ્મર-જગત સારી. ૭
સફળજ કીધો જન્મ યશસ્વિ, નામ કર્યું આસ્કાર;
કરે યાદ બનિ ગંમ ખાર, કુટુંબ-પરિવાર-નર નારી. ૮
“દીલજાન” ચાહે દુવા જીગરથી, રોશન રહો તમ નાંમ;
દે યાદ ભલાં તમ કામ જે છે હર-ઠામ શુભકારી. ૯

મરહુમ વીકાજી મેહેરજી તારાપોરવાલાની કીરતી.

(રાગ) હોરી-કાફી.

(રાહા) “સાંવરો અજહુ નહિ આયો.”

અજબ દીધી બખ્તે યારી, અમ્મર રહી નામદારી—ટેક.

વેળ ગયો વળી એક તે એવો, નરે આ કરે સરદારી;
નામ વીકાજીનું સર્વને પ્યારૂં,
સર્વ કરે તાબેદારી, 'ધન તુજ માત' પુકારી. ૧
પૂત્ર પનોતો આ શુભજ મુહર્તે, જન્મી કરે સરદારી;
'અજબ—અજબ, સઉ—લોક કરે બહુ,
ગાએ કીરત નર—નારી, ' ગજબ કિધો ભાઈ ભારી ! ' ૨
હૈદરાબાદમાં વિર વિકાજીએ, શેવા કરી એવિ સારી;
રંક—રૈયતનો—પ્યારજ જાંમ્યો,
લોક વખાંણે પુકારી, 'ધન્ય ધટે માત ત્હારી!' ૩
રાજ્ય તણું ખૂબ દેવું પતાવ્યું, ગાંઠ થકી ગયેં હારી;
સળવા ક્રોડની ચોઢ કરીને,
ચંદુ ને દીધ સરદારી, એવો એ નર હેતકારી. ૪
રાજ સુધારાને ચલણ તણું એવું, રાજ્ય દીધું ત્યાં સુધારી;
બંડ—બખેડાને જુલ્મોને દાબ્યા,
લગાંમ લીધી હાથ સારી, ચોખંડ કીર્તે વધારી. ૫
પૂના તણાં પેશવાઇ અમલપર, અંગ્રેજે કીધીજ સ્વારી;
બાજીરાવ જે બળવંત મોટો,
અંતે ગયો સર્વ હારી, રાજ્યને કાજ વિસારી. ૬
તે શુભ અમ્મલપર નર આ જે, કરતોજ કીર્તે તૈયારી;
વશાઇથી વલસાડ લસ્કર જાતું,
થાતું જે ભૂખથી ખ્વારી, સ્હાય થયો ત્યાં વિચારી. ૭
અન્ન ને પાણી તણી તાંણ તોડી, મદદ કરી ચાહી સારી;
રૂપિયા પચીસ્ હજારથી આપ્યા,

ચાહતા જે પડે પુકારી, 'ઘરમાંજ છે' એમ ધારી. ૮
સૈન્ય તણી નિજ શેવા સુણીને, કદર–પિછાંન વિચારી;
કિલ્લો ઇનામે સદી અર્ધ દીધો,
તારાપૂરનો ભારી, દીધી પૂર્ણ અંગ–અખ્તયારી. ૯
પેસ્તનજી પણ ભાઈએ નરનો, તેની કીરત પણ ભારી;
"પેસ્તનશાહી" શિક્કા પડાવ્યા,
અમ્મલ તણી બલિહારી, જુવો જગ–લોક વિચારી. ૧૦
નામથી કીરતી વધે નવ જગમાં, કાંમથી પસરે પસારી;
નામ તણો યશ કામ ઉપર છે,
જુવો આ વિકાજી વિચારી, થયા કાર્યથીજ પ્રિય ભારી. ૧૧
કીર્તે તણો આ કોહિનૂર કાયમ, અજબ મચી બલિહારી;
ખાનદાન મગરૂર નરથી છે આ,
"વીકાજી મેહેરજી" ભારી, કહો ત્યાંજ સમરે સ્વિકારી. ૧૨
"**દીલજાંન**" એવા ઘણાં જુજ થાશે, કરે એ સમી સરદારી;
સ્વર્ગનું સૂખ ત્યાં ચાહીશું આપણ,
એ નરને દીલ ધારી, અરજ સુણ પ્રભુ તું અમારી. ૧૩

મરહુમ શેઠ અરદેશર હોરમશજી બહમનજી વાહાડીયા.

(**કીરત** ન છૂપે બાંધી રાખ,
કીરત ન છૂપે ઢાંકે લાખ;
કીરત ન છૂપે, છૂપી થાય,
"**કીરત** સદા બિન–પંખ ઉડ જાય.")

અંગ્રેજી રાહ.

("મફરે માયો બેનો માહરી"—રાહ)

બહમન મહિનો–શેહેનશાહિનો, અને રોજ આસ્તાદ,
અગ્યારસે એક્યાસિનો દિન, વળિ રાખ તું યાદ;
રોજ મુંબારક રૂડો આ નરનાં જન્મ તણો તું જાણ,
જન્મ થતાં જેનો સંસારે, સૂખી આજ કંઈ પ્રાણ;
(કોરસ) સૂરજ ઉગ્યો ખરે, છૂપ્યો ન તે ફરે,
વાઘ તણાં તે વાઘજ જાણો, અંતે જગે ઠરે. ૧
જમણાં હાથે કરે સખાવત, ડાબાને નહીં જાણ,
હતિ એવી આ નરની રીતિ, ખરી કીર્તની ખાંણ;
આજ કરે બહુ સખાવતો નર, નામ કરી મશહૂર,
જુવે ઝડપમાં–ન્યુસપેપરમાં, લાવી મુખ પર નુર;
(કોરસ) સૂરજ ઉગ્યો ખરે, છુપ્યો ન તે ફરે,
વાઘ તણાં તે વાઘજ જાણો, અંતે જગે ઠરે. ૨
પાંચ રૂપૈયા ભરે ફંડમાં, જાહેરમાં દઈ નામ,
મૂંછ ચઢાવિ કહે મિત્રોને, જાણે કેવું કામ;
તેવા હલકા અને ઉછાળી, નરો કરે જો શોધ,
આ અરદેશરનાં અંગેથી, મળે તેમને બોધ;
(વારસ) સૂરજ ઉગ્યો ખરે, છુપ્યો ન તે ફરે,
વાઘ તણાં તે વાઘજ જાણો, અંતે જગે ઠરે. ૩
લાખ રૂપૈઆ દિયે કોઇને, પડે ન કો'ને જાણ,
દેનારો–કે લેનારો બસ બેને હોય પિછાંણ;
એવો નર તે જગથી ગીયો, વાહાડિયા અર્દેશર,
જેને જેવા અગણિત નરની, ખુટશે જગઅંદર;

(કોરસ) સૂરજ ઉગ્યો ખરે, છુપ્યો ન તે ફરે,
વાઘ તણાં તે વાઘજ જાંણો, અંતે જગે ઠરે. ૪

કંઈ પુરૂશો પડતે દહાડે, એનો આશ્રય લેય,
કદી ન જાંણે ખુદ શિવાએ, એવે વચને દેય;
આફરીન હોજો નરપર એવા, જે રાખે જનલાજ,
ધટે શીરપર નરને એવા, ખરિ કીરતનું તાજ;

(કોરસ) સૂરજ ઉગ્યો ખરે, છુપ્યો ન તે ફરે,
વાઘતણાં તે વાઘજ જાંણો, અંતે જગે ઠરે. ૫

પાંચ લાખનું પુન જાણિતું, છે જગમાં ભરપાઈ,
ત્રિપટ–ચોપટ જાંણો છુપ્યું, તેમાં નહીં નવાઈ;
ઓ ઇશ્વર! એવા નરનેકાં,' તેઓ તુજ દરબાર,
જે અહીં જન–સુખતણાં કામમાં, સદા હતો તૈયાર;

(કોરસ) સૂરજ ઉગ્યો ખરે, છુપ્યો ન તે ફરે,
વાઘતણાં તે વાઘજ જાંણો, અંતે જગે ઠરે, ૬

કથું–કથું ને અપૂર્ણ રહેછે, જેનું શુભ દાસ્તાંન,
"**દિલજાંને**" આ દુવા ચાહિશું, મળો સુખનું ઠાંન;
અરદેશર' છે અમર સદા અહિં, નામ અચળ પ્રખ્યાત.
ગુણ ગાયછે ખરાં જીગરથી, જેનો જાત પ્રજાત.
સુરજ ઉગ્યો ખરે, છુપ્યો ન તે ફરે,
વાઘ તણા તે વાઘજ જાંણો, અંતે જગે ઠરે. ૭

ને આજે ન થાય તેને સુખ મિસ્લે ઝેર,
ને આજે ન ઉપજે કુલ દુનિયાંપર કહેર. ૧૧
ને આજે ન થાતે તે દુઃખનો શરીક,
સખાવતનો શાહ, ને જે રંકનો રફીક;
પણ તુજને ગયે આ સહુ ત્યાં થયું,
ઓ આફત! ઓફત! એક નંગજ ગયું. ૧૨
બુઝર્ગીને વખ્તે ન ન્હાંનો જખમ,
મરણ તક ન ભુલશે પિતા તારો ગમ;
અગર લાખ–ક્રોડે બી દૌલત છે તોય,
બધું તું વના ઝેર સમ જાણ હોય. ૧૩
મિતર માહરા! તુંજને નમું માનથી,
આ અદનાં સતરથી કવિતા કથી;
કવિતાનો તુજને તો શોખજ હતો,
ખરે તું કવિતનું તો નાખજ હતો. ૧૪
મગર તુજ નસિબા એ માર્યું ન જોર,
જુલમગાર જમથી થયો તુજપે સ્હોર;
નતો તું જગતમાં ખીલત પૂરનૂર,
હતાં ચિન્હોં તેવાં નહીં જાણ દૂર. ૧૫
સખાવતનો તુજમાં હતો સત ઝરો.
હતો બાપ–કાકા સમો તું નરો;
પણ અફસોસ! જુલ્મી જમાના ઉપર!
… તે હોય નેક નર. ૧૬
…મ! હું તને કયમ ભુલું,
…વે ક્યાં મલું?

ફકત એક તુજથી હતો મુજ મિલાપ,
મગર તે મિલાપે વધાર્યો સિતાબ— ૧૭
મુજ–તુજ તણાં દીલ એકત્ર કરી,
ખરી મિત્રતાની સુગંધી ભરી;
છે મરવું તો સૌને પણ બરહક તે હોય,
દીપેછે—ગણેછે સઉ તોજ તોય. ૧૮
નથી તુજ મરણ તો જરાબી ઘટીત,
ન લાયક તને છોડી જાવું નચીંત;
સબર તે ખુદાપર ! થયું તે થયું,
નહિં આવશે હાથ જગથી ગયું. ૧૯
મગર નેકનો નેક અંજામ છે,
છુંપાડું હિયાં હું તને લાગુ તે;
કીધી તારી નેકી કરે સર્વે યાદ,
અસલ તુજ મરણની કરે સૌ ફર્યાદ. ૨૦
ફરી હું નમીને તને માનથી,
કહું મુજ “દિલજાન”માં તુજ નકી—
જીવશ ત્યાં સુધી નિત કરીશ તારી યાદ,
કરીશ તારાં અઘટિત મરણની ફર્યાદ. ૨૧
ને ચાહીશ જીગરથી હું બસ દુવા—
ખુદા બક્ષો ગુલજાર તુજને સદા;
નથી તારી પાછળી થયા ...
પણ જગથી ગયે

☞ માહરા મરહુમ માનીતા મિત્ર મી૦ જમશેદજી નશરવાનજી પીટીટનું અકાળ મૃત્યું

("નમૂછું તને હૂં અએ રહેમાન પાક"—રાહ)

સિતંમ ! રે સિતંમ! રે સિતંમ! રે સિતંમ !
અજબ તેં કિધો આ ગજબ જુલ્મી જમ !
અરે! આ શી આફત હ્યાં પેદા થઈ ?
ભલી તે ઘડી સુખની કયાં ગઇ ? ૧
અરે! આ થયો શો જમાનાનો કેહેર,
બલાજમ—થકી શું વરસ્યું આ વેર ?
અરે! દીન જે રોશન શિહા કયમ થયો,
ઓજમ! વ્હાલા જમ ! કાં રૂઠી તું ગયો ? ૨
પેદરની બુઝર્ગીનો નહિ કીધો કયાશ,
કે સુખનો–જવે તું– થશે સર્વ નાશ;
ઓ માસિકનાં શાહેર! ઉધરતા કવિ !
હતો જાણીતો તૂં ભલો જ. ન. પી. ૩
કહેશો સીતાબી તણો છે સબબ,
ઓ! આફતનું વાદળ વરસ્યું અજબ!
રે! કયાંતું મળશે? હવે ખુશ–ખુશાલ,
હવે કયાંથી જગમાં મળે તાહરી બાલ.
ઘટીતનાં હતું જગથકી તુજ જવું,
જુદુ તારે માટે હતુંરે થવું;

મગર જુલ્મી—જાલિમ જમે મારી ત્રાપ,
ઝુંટી લૈ—ખુચી લૈ, લીધો જગનો શ્રાપ. ૫
છે દુઃખ એક તુજનાં ગયાનું પ્રથમ,
જે મૂશ્કેલ મિટવો અસહ્ય તુજ જખમ;
બીજું દુઃખ પિતાનો તું એકજ હતો,
ભલે એક પણ સાથ નેકજ હતો. ૬
એ બે દુઃખથી જાણે કશાંમાં નહિ,
દિશે તેમ ત્રીજું રે આફત ! તહિં;
નથી ત્હારે પેટે એક વારસ કે પૂત,
નથી ત્હારાં કૂળનો દીપક કોઇ સૂત. ૭
નથી ત્હારાં વઊશે રહી કંઈ નસલ,
એ દુઃખ ઉભરે તો ન તેમાં નવલ;
કે જે દેખી તુજનાં પિતાને ધીરજ—
રહે છાતીએ કાંઇ રજમાંથી રજ. ૮
અરે ! તેનું તો કંઈ નથીરે ખુદા !
અરેરે ! ઓ જમ ! કાં' થયો તું વદા !
તુજ બુઝરગ પિતાપર તું કર કંઈ નઝર,
કલેજું ચીરી કેવો જલશે તે નર ! ૯
જરા કરતું તેનાં દુઃખોનો વિચાર,
ઘટીતનાં હતું આ તનેરે ! લગાર;
ભલો તું જો અવલ ન જન્મે ઓ જમ !
કે આજે ન દેખે પિતા ત્હારો ગમ. ૧૦
ને આજે ન ઉપજે દુઃખનો દરિયાવ,
ને આજે ન લાધે ત્યાં સંતાપની નાવ;